પ્રાંતિજ તાલુકામાં ખનીજ માફીયાઓને છુટ્ટો દોર

પ્રાંતિજ, તા. ૧૦

બોભા, સીતવાડા, ઓરાણ, સાદોલીયા, સાંપડ, ગેડની નદીમાંથી ગેર કાયદેસર ખનીજ, ખનનની રાવ ઉઠવા પામી છે. પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર વ્યાપક પ્રમાણમાં ખનીજ ચોરી થતી હોવાની રાવ ઉઠવા પામી છે.

પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર વ્યાપક પ્રમાણમાં ખનીજચોરી થતી હોવાની રાવ ઉઠવા પામી છે તેમજ સરકારી આવકમાં લાખો રૂપિયાનું નુકસાન થતુ હોવા છતાં પણ સાબરકાંઠા ખાણખનીજ વિભાગ ચુપકીદી સેવી રહ્યુ હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. એક અગ્રણીએ જણાવ્યું હતું કે પ્રાંતિજના બોભા, સીતવાડા, ઓરાણ, સાદોલીયા, સાંપડ જેવા સીમમાંથી પસાર થતી સાબરમતી નદીમાંથી ખનીજ ચોરી થાય છે. ઘણી જગ્યાએ રાત્રી દરમ્યાન પણ ટ્રેક્ટરો તેમજ ટ્રકોમાં ખનીજવહન થાય છે. સરકારી નિયમ મુજબ સાંજે ૬ કલાક પછી લીઝો બંધ કરી દેવામાં આવે પરંતુ તંત્રના નિયમોનું ઉલ્લંઘન કરી ભૂમાફિયાઓ ચોવીસ કલાક ખનીજ ચોરી કરી સરકારી તીજોરીને લાખોનુ નુકસાન કરી રહ્યા હોવા છતાં તંત્ર કયા કારણોસર પગલા ભરતુ નથી તેવા અનેક સવાલો જનતામાં ચર્ચાઈ રહ્યા છે. આજ વિસ્તારમાં ખનીજ માફિયાઓનું રાજ હોવાથી જનતાને પણ અનેક અડચણો પડતી હોવા છતાં લોકો ફરીયાદ કરી શકતા નથી.

પાલનપુરમાં આર.એસ.એસ.નું પથ સંચલન

રાષ્ટ્ર નિર્માણમાં કાર્યરત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પ્રતિ વર્ષ ચૈત્ર પ્રતિપદા પર્વે પરંપરાગત રીતે પાલનપુરના રાજમાર્ગો પર આર.એસ.એસ.નું ભગવા ધ્વજ, વાજિંત્રો, બ્યુગલના નાદ સાથે શિસ્તબદ્ધ રીતે પથ સંચલન યોજાયું હતું. શહેરમાં ઠેર ઠેર રાષ્ટ્રભક્તો દ્વારા અને ગુરુનાનક ચોકમાં પાલિકા પ્રમુખ નિલમ જાની અને પાલિકા સદસ્યોએ પુષ્પવૃષ્ટી કરી ભવ્ય સ્વાગત કર્યું હતું.

પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર પાસે કાર ટ્રક વચ્ચે અકસ્માત

છ કાર સવારનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૧૦

પ્રંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં કારમાં સવાર છનો આબાદ બચાવ થયો હતો. જ્યારે એકને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર પાસે અમદાવાદથી હિંમતનગર તરફ ફુલફાસ્ટ જતી કાર જીજે૦૧ આરસી. ૫૪૫૦ના ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર પહેલા રોડની સાઈડમાં આવેલ ડિવાઈડર સાથે ટકરાઈ હતી અને ત્યાંથી રોડ ઉપર જતાં રેતી ભરેલ ટ્રક નં. જીજે૩૧ટીઓ-૮૨૬ સાથે ધડાકા સાથે ટકરાતા કારનો આગળનો ભાગનો કુચડો થઈ ગયો હતો. અને આગળના બન્ને ટાયર ફાટી ગયા હતા. ત્યારે અકસ્માતના કારણે નેશનલ હાઈવે આઠ ઉપર ટ્રાફિક જામ થતા સ્થાનિક પોલીસને સમાચાર મળતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવીને ટ્રાફિક હળવો કર્યો હતો. જ્યારે કારમાં સવાર સુરેશભાઈ ભજનભાઈ માયાની ઉં.વ. ૫૩, ચંદ્રભાઈ આરબક્ષરામ રોચલાણી ઉં.વ. ૫૩, રામચંદ ચિલારામ ખટવાણી ઉં.વ. ૫૦, નંદલાલ લાહોરી ઉં.વ. ૫૯, નરેન્દ્રભાઈ અજુનભાઈ વત્યાણી ઉં.વ. ૫૨, મોતી દૂધવદાસ પંચાણી ઉં.વ. ૩૪ આ તમામે તમામ રહે. અમદાવાદનો આબાદ બચાવ થયો હતો. જ્યારે કારચાલક સુરેશભાઈને માથાના ભાગે ઈજાઓ થતાં તેને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવા આવ્યા હતા.

ગુજરાતનું માન્ચેસ્ટર ગણાતા કાણોદરનો હાથશાળ ઉદ્યોગ મરણ પથારી પર

પાલનપુર, તા. ૧૧

બનાસકાંઠાના અનેક ગામડાઓ પોતાના ઈતિહાસ માટે જાણીતા છે. આવું જ એક ગામ એક જમાનામાં ખુબ પ્રસિદ્ધ હતુ. બનાસકાંઠામાં આવેલા કાણોદર ગામની. જે એક સમયે હાથશાળ ઉદ્યોગ માટે માન્ચેસ્ટર ગણાતુ હતુ. બીજા હસ્ત ઉદ્યોગોની જેમ જ આ હસ્ત ઉદ્યોગ પણ હાલમાં લુપ્ત થવાની કગાર પર છે. એક સમયે પોતાની હસ્તકળાથી સમગ્ર ગુજરાત અને દેશમાં પોતાનો પરચમ લહેરાવનાર વણકર સમાજ આજે મજૂર જેવો બની ગયો છે.

બનાસકાંઠાના પાલનપુરથી ૧૦ કિલોમીટરના અંતરે આવેલું કાણોદર ગામ એક સમયે દેશભરમાં જાણીતું હતું. આ ગામ એક સમયે પોતાના હાથશાળ ઉદ્યોગ માટે દેશ વિદેશમાં નામ ધરાવતું હતું. પરંતુ સમય જતાં આધુનિકરણ આવતાં આ ઉદ્યોગ પડી ભાંગ્યો, કારણોદર ગામ લોકો અને આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે સરકારી યોજનાઓ, યોગ્ય વળતર તેમજ પુરતુ સુતરાઉ નહીં મળતા હાથશાળ ઉદ્યોગ લુપ્ત થઈ જવાની કગાર પર આવી ગયો છે. ઈ.સ. ૧૯૩૭માં આ ઉદ્યોગને ઉત્તેજન આપવાના આશયથી સૂતરની આયાત પર પાલનપુરના નવાબે ૫૦ ટકા કસ્ટમ ડ્યુટી રદ કરી હતી. મુઘલકાળના સમયમાં ફૂલ્યો ફાલ્યો આ ઉદ્યોગ હાલ તો મરણ પથારીએ છે. ગામના લોકોનું માનવું છે કે શિક્ષણનો વ્યાપ અને વીકસતી ટેકનોલોજીનો એવો ફટકો પડ્યો કે ઉદ્યોગ મરણ પથારી પર આવી ગયો છે.

૧૪ હજારની વસ્તી ધરાવતા કાણોદર ગામમાં હાલ માત્ર બે થી ચાર પરિવારો જ હાથશાળ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. જો કે આ પરિવારો પણ સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે. હાથશાળ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે ગામમાં સરકાર દ્વારા હાથશાળ નિગમ તો બનાવવામાં આવી પણ યોગ્ય પ્રોત્સાહન તેમજ યોગ્ય વળતર ન મળતાં તે પણ માંડ જીવીત છે.

કાણોદર ગામના લેખિકા લાડીબેન બંગલાવાળાએ જણાવ્યું હતું કે પંચવર્ષીય યોજનામાં હાથશાળ યોજનામાં હાથશાળ ઉદ્યોગને ચોક્કસ સમાવવામાં આવ્યો પરંતુ તેને લુપ્ત થતો ન અટકાવી શકાયો. લેખિકા જણાવે છે કે ગુજરાતના હાથશાળ ઉદ્યોગ માટે દેશભરમાં વખણાતુ હતુ. કાણોદર ગામની બનાવટો એક સમયે ખેડા, ભરૂચ, સુરત, પંચમહાલ, રતલામ, મુંબઈ, નાસિક સહિત આફ્રિકામાં પણ મોકલવામાં આવતી હતી. ગામમાં ગજીયા રૂમાલ, છાપેલી ઝાઝમ, લૂંગી, ધોતી ખોળનું કાપડ, ચંદની ખાટલાની પાટી, શેતરંજી, પગલૂંછણીયા, આશન પટ્ટા, ગામ લોકો દ્વારા પોતાની આગવી કોઠાસૂઝથી બનાવવામાં આવતા હતા.

ગાંધીને પણ આ જ ગામમાંથી સુતર કાંતવાની પ્રેરણા મળી હતી. આગામી સમયમાં પ્રગતિનું પારસ કાણોદર નામના પુસ્તક લાડીબેન બંગલાવાલા દ્વારા વિમોચન થનાર પુસ્તકમાં પણ કાણોદર હાથશાળ સંસ્મરણોને પણ રજુ કરવામાં આવ્યા છે.

કાણોદર ગામ એક સમયે

દાંતીવાડા નવોદય વિધાલયની ધોરણ-૯માં પ્રવેશ માટેની પરીક્ષા ૨૪ એપ્રિલે યોજાશે

પાલનપુર, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા ખાતે આવેલ જવાહર નવોદય વિધાલયની ધોરણ-૯માં પ્રવેશ મેળવવા માટેની પ્રવેશ પરીક્ષા તા.૨૪-૦૪-૨૦૧૬ના રોજ સવારે -૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા દરમ્યાન યોજાશે.

જવાહર નવોદય વિધાલય, દાંતીવાડા જિ. બનાસકાંઠા, સરદાર કૃષિનગર વિધાલય, સરદાર દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટી, દાંતીવાડા જિ.બનાસકાંઠા, વિધામંદિર શાળા કેમ્પસ, પાલનપુર જિ.બનાસકાંઠા, વી. આર. વિધાલય પાલનપુર જિ. બનાસકાંઠા ખાતેના ચાર સેન્ટરો પર યોજાશે.

આ પ્રવેશ પરીક્ષા આપવા માટે લાયક ઠરતાં તમામ ઉમેદવારોએ તેમના પરીક્ષા આપવા માટેના પ્રવેશપત્રો (એડમીટ કાર્ડ) દાંતીવાડા નવોદય વિધાલય ખાતેથી તા.૧૬-૦૪-૨૦૧૬ થી તા.૨૩-૦૪-૨૦૧૬ સુધીમાં (જાહેર રજાઓ તા.૧૭-૪-૨૦૧૬ અને તા.૨૦-૪-૨૦૧૬ સિવાય) ફોર્મ જમા કરાવ્યા અંગેની પાવતી (રીસીપ્ટ) રજુ કરીને વિધાર્થી, વિધાર્થીના માતા-પિતા, સંલગ્ન શાળાના આચાર્યશ્રીને ફરજીયાતપણે રૂબરૂમાં જ મેળવી લેવાનું જણાવવામાં આવે છે. આ પ્રવેશપત્રમાં વિધાર્થીનો રોલ નંબર તેમજ પરીક્ષા કેન્દ્રની વિગતો આપેલી છે. જે બાબતની ફોર્મ ભરેલ ઉમેદવારોએ, શિક્ષકશ્રીઓએ, આચાર્યશ્રીઓએ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ એ તથા વાલીઓએ નોંધ લેવા જણાવાયું છે.

મોડાસા જાયન્ટ્સ ગ્રુપ દ્વારા પક્ષીઓ માટેના પાણીના કુંડાનું વિતરણ

અરવલ્લી જિલ્લા અને મુખ્યમથક મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસીવ રહેલી અને સેવાભાવી કાર્યો માટે તત્પર રહેતી જાયન્ટ્સ ગ્રુપ ઓફ મોડાસા દ્વારા રવિવારે સવારે મોડાસા નગરપાલિકા બગીચા સામે ઉનાળાની શરૂઆતમાં સંસ્થા દ્વારા કાળઝાળ ગરમીમાં પક્ષીઓને પાણી મળી રહે તે માટે વિનામૂલ્યે માટીના કુંડાઓનું વિતરણ કરવાની સાથે નજીકમાં રહેલા બગીચા, ફ્લેટ વિસ્તાર અને આજુબાજુના વિસ્તારોમાં જાયન્ટસ ગ્રુપના મિત્રો દ્વારા જાતેજ કુંડા લગાવી માનવતા મહેકાવી હતી. સાથે સાથે કુંડા લેનાર દરેક વ્યક્તિને ઉનાળા દરમિયાન સતત પાણીથી ભરેલા રાખવા નમ્ર અપીલ કરી હતી. કુંડા વિતરણ કાર્યક્રમમાં જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી, નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, અનિષ કાવડીયા, મુકુન્દભાઈ શાહ, નવનીતભાઈ પરીખ, ભાવેશ જયસ્વાલ, નીકેશ પરમાર અને જય અમીન ઉપસ્થિત રહ્યા હતા.

સુરપુર પાસે ટ્રક-ટ્રેક્ટર પાછળ ઘુસી જતા અકસ્માત

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના શામળાજી, ગોધરા હાઈવે પર આવેલા સુરપુર ગામની સીમમાં મોડી રાત્રે ટ્રેક્ટરની પાછળ ટ્રક ઘુસી જતા ટ્રકચાલકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે ટ્રેક્ટરની ટ્રોલીમાં બેઠેલા અન્ય બે વ્યક્તિઓના શરીરે ઓછવત્તી ઈજાઓ પહોંચતા તમામ ઘાયલ લોકોને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડાયા હતા. મોડી રાત્રે રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માતની ઘટના બનતા ટ્રાફિકજામ થઈ ગયો હતો. મોડાસા રૂરલ પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

શામળાજી-ગોધરા રાજ્ય ધોરી માર્ગ પર આવેલા મોડાસા તાલુકાના સુરપુર ગામની સીમમાંથી પસાર થતા ટ્રેક્ટર (ગાડી નં. જીજે૭એએ ૬૦૪૪)ની પાછળ રહેલી ટ્રોલી (નં. જીજે૯એએમ. ૩૦૩૪) સાથે હરિયાણાની ટ્રક (ગાડી નં. એચઆર૫૫. ડબલ્યુ.૯૮૦૫)ના ચાલકે પુરઝડપે અને બેદરકારી તેમજ ગફલતભરી રીતે હંકારી અથડાવી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

રૂનિ પ્રાથમિક શાળામાં કમ્પ્યુટરની ચોરી

શિહોરી, તા. ૧૧

કાંકરેજની રૂનિ પ્રાથમિક શાળામાં અજાણ્યા તસ્કરો રૂમના દરવાજાનું તાળુ તોડી ત્રણ કમ્પ્યુટરની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે થરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કાંકરેજ તાલુકામાં રૂનિ પ્રાથમિક શાળા આવેલી છે. જે શાળા બે દિવસની રજા હોવાથી બંધ હતી. બસ આ જ બંધ મકાનનો લાભ લઈ કેટલાક તસ્કરોએ શાળાને નિશાન બનાવ્યું હતું અને અંધારાનો તક લઈ શાળાના ઓરડાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ઓરડામાંથી ત્રણ મોનીટર અને ત્રણ સીપીયુ મળી કુલ રૂ. ૩૭,૫૦૦નો મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સોમવારે સવારે શાળાના આચાર્ય સબુરભાઈ રોહિતને શાળામાં ચોરી થઈ હોવાની જાણ થતા તુરંત આ મામલે પોલીસમાં જાણ કરી હતી. પોલીસે બનાવ સ્થળે આવી ચોરીની તપાસ હાથ ધરી હતી. અને આચાર્યની ફરિયાદના આધારે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

ખેડબ્રહ્માની ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સનો ઈનામોત્સવ યોજાયો હતો. જેમાં વાર્ષિકોત્સવમાં ભાગ લેનાર ૧૨૫ જેટલા શાળાના બાળકોને શાળાના ટ્રસ્ટી ગોપાલભાઈ પટેલ તથા દિનેશભાઈ પટેલે દરેક બાળકને સુંદર દિવાલ ઘડીયાળ તથા વાર્ષિકોત્સવની બે ડીવીડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના આચાર્ય દેવડા તેમજ અંબુભાઈ પટેલ અને હરિભાઈ પાઠકે બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

વાઘણા ગામે ગ્રામજનો દ્વારા પાલનપુર નગરપાલિકા સદસ્ય ભારતીબેનનું સન્માન

પાલનપુર, તા. ૧૧

પાલનપુર તાલુકાના વાઘણા ગામે આ ગામના સમસ્ત ગ્રામજનો દ્વારા આ ગામની દીકરી અને હાલમાં યોજાયેલ પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં વિજયી થયેલ નગરપાલિકા સદસ્યા અને ટ્રાન્સપોર્ટ સમિતિના ચેરમેન ભારતીબેન ઠાકોરનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં આ ગામના અગ્રણીઓ તથા ઉપસ્થિત મહેમાનોએ વાઘણા ગામના ઈતિહાસમાં પહેલીવાર આ ગામની દીકરી પાલનપુર નગરપાલિકાની સદસ્યા તથા ટ્રાન્સપોર્ટ સમિતિની ચેરમેન બનવા ઉપરાંત ગુજરાત સરકારની મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજનાનો બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરી મહત્તમ લોકો સુધી તેનો લાભ પહોંચે તે માટે આ યોજનાના ફોર્મનું નિઃશુલ્ક વિતરણ કરવા બદલ શ્રીમતી ભારતીબેન ઠાકોરનું સન્માન કર્યું હતું.

આ સન્માન સમારોહમાં પાલનપુર નગરપાલિકા પ્રમુખ નીલમબેન જાની, ટી.પી. સમિતિના ચેમરેન સુરજબેન ગઢવી, તથા ઠાકોર સમાજના અગ્રણી મેરૂજી ધૂંખ, કરશનજી વાઘેલા, રાયમલજી સોલંકી, પ્રતાપજી ઠાકોર, ગામના સરંચ અવચણભાઈ ઉપરાંત આ ગામના ઠાકોર સેનાના યુવકો કિર્તીભાઈ, રમેશભાઈ, વિનોદભાઈ, નરેશભાઈ, પ્રવીણભાઈ, રવાજી, તથા મહિલા અગ્રણીઓ આશાબેન, ભગવતીબેન, નેહલબેન અને તેમની ટીમ તથા ગામના વડીલો, અગ્રણીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. તથા ઠાકોર સેનાની ટીમે અને ગામની નાની બાળાઓએ સ્વાગત ગીત અને પ્રાર્થના દ્વારા આ પ્રસંગમાં ઉપસ્થિત સર્વે મહેમાનોનું સ્વાગત કરી ફૂલહાર તથા શાલ ઓઢાડી ખુબજ ઉત્સાહપૂર્વક સન્માન કરી કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. તથા આભારવિધિ ગામના સમાજસેવક પ્રતાજીએ કરી હતી.

ચાંગા ગામે કેનાલમાં પાણી છોડવા ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપ્યુ

શિહોરી, તા. ૧૧

કાંકરેજના ચાંગા ગામે સ્થિત નર્મદાની મુખ્ય કેનાલ પાસે આજે ૫૦૦ જેટલા ખેડૂતોએ ચક્કાજામ કર્યો હતો અને મુખ્ય નર્મદા કેનાલમાંથી માઈનોર કેનાલમાં પાણી છોડવામાં કાંકરેજ મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ.

કાંકરેજ તાલુકામાંથી પસાર થતી બનાસનદીના ઉનાળાના પ્રારંભે કોરી ધાકર બની જતા નદીના તળ ઊંડા ઉતરી ગયા છે. આથી પાણીને લીધે ખેડૂતો અને પશુપાલકો પાણી માટે ટળવળી રહ્યા છે. અંદાજે ૫૦૦ જેટલા ગામડાઓમાં ખેડૂતો, પશુપાલકો પાણીના પ્રશ્નને લઈ સવારથી જ ચાંગા ગામે નર્મદા નદીની મુખ્ય કેનાલ પર આવી પહોંચ્યા હતા અને ભારે ચક્કાજામ અને દેખાવો કર્યા હતા. મુખ્ય કેનાલમાંથી માઈનોર કેનાલમાં પાણી છોડવા તંત્ર સમક્ષ માંગ કરી છે અને આ માંગ દર્શાવતુ આવેદનપત્ર કાંકરેજ મામલતદારને આપ્યુ હતુ.